# અલૂણાંમાં નન્હી સી પરી માટે કેવાં આઉટફિટ્સ પસંદ કરશો?







આવતા સપ્તાહથી બાળકીઓનાં અલૂણાં - ગૌરીવ્રત શરૂ થાય છે. દરેક મમ્મી ઇચ્છશે કે પોતાની નન્હી સી પરી પાંચેપાંચ દિવસ ખૂબસૂરત અને ક્યુટ દેખાય. ગૌરીવ્રત દરમિયાન નાની બાળકીઓ માટે ટ્રેડિશનલ અને એથનિક વેર સૌથી બેસ્ટ ચોઇસ માનવામાં આવે છે. આ દિવસો દરમિયાન છોકરીઓ વ્રત રાખે છે અને દરરોજ મંદિરે પૂજા કરવા જાય છે એટલે એમનાં આઉટફિટ્સ પસંદ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું જોઈએ કે એ લાઈટ અને કમ્ફર્ટેબલ હોય. તમે સુંદર લુક માટે આ ફેશન ટ્રેન્ડ ફોલો કરી શકો.

## હોલ્ટર નેક બ્લાઉઝ અને ફ્લોઈ સ્કર્ટ

આ મોડર્ન અને ટ્રેડિશનલ ફ્યુઝન લુક આજકાલ ઘણો ટ્રેન્ડમાં છે.

## વાયબ્રન્ટ ચણિયાચોળી

* ફ્લેયર્ડ, લાઈટવેટ કોટન ઘાઘરા પોમપોમ અથવા મિરર વર્કવાળી એડજેસ્ટેબલ હોલ્ટર નેક ચોળી સાથે પસંદ કરી શકાય.
* મિરર વર્ક અને લટકણવાળા ચણિયાચોળી વ્રત અને પૂજા માટે એકદમ યોગ્ય છે.

## લહેંગા

* ફ્લોરલ સ્ટ્રિંગ ક્રોપ ટોપ સાથે ફ્લેયર્ડ/બાર્બી લુક લહેંગા પસંદ કરી શકાય.
* ઓર્ગેન્ઝા ફેબ્રિક બહુ લાઇટવેઇટ અને ફૂલેલો (પફી) લુક આપે છે. એલિગન્ટ, મોડર્ન લુક માટે લાઇટવેઇટ પ્યોર ઓર્ગેન્ઝા હેન્ડપેન્ટેડ લહેંગા આજકાલ ટ્રેન્ડમાં છે.
* જો દુપટ્ટો સંભાળવામાં બાળકીને મુશ્કેલી પડતી હોય તો જેકેટ અથવા શ્રગ સ્ટાઇલ ઇન્ડો-વેસ્ટર્ન લહેંગા પસંદ કરી શકાય.

## અનારકલી સૂટ

વરસાદી મોસમમાં કોટન કે જ્યોર્જેટ મટીરિયલના ફ્લોરલ પ્રિન્ટવાળા અનારકલી ફ્રોક સૂટ પણ પૂજા માટે એલિગન્ટ અને સિમ્પલ વિકલ્પ છે.

## ધોતી પેન્ટ

પેપલમ કુરતી સાથે ધોતી પેન્ટ સ્ટાઈલ જોવામાં મોડર્ન અને પહેરવામાં એકદમ આરામદાયક છે. પૂજા કરતી વખતે ઊઠવા-બેસવામાં મુશ્કેલી પડતી નથી.

## શરારા

વ્રત દરમિયાન સહેલાઈથી હરવાફરવા અને રમવા માટે આઈવરી કે પેસ્ટલ શેડ્સના શરારા શોર્ટ કુરતી સાથે પેર કરી શકાય.

## ઇન્ડો-વેસ્ટર્ન ડ્રેપ પેન્ટ્સ

કલર બ્લોક ટોપ્સ સાથે વાઇડ ફ્લેર ડ્રેપ પેન્ટ્સ કમ્ફર્ટેબલ ફ્યુઝન લુક આપે છે.

## હેરસ્ટાઇલ

વાળ છુટ્ટા રાખવાને બદલે ફ્રન્ટ ટ્વિસ્ટ ફ્રેન્ચ બ્રેડ, પોનીટેલ કે ચોટલો વાળી એમાં નાના ગજરા કે ફ્લોરલ હેર પિન લગાડો. કલરફુલ હેર બેન્ડ અથવા બોબી પિન્સ, કલરફુલ હેર પિન્સ પણ પસંદ કરી શકાય.





## એક્સેસરીઝ

બાળકોની કમ્ફર્ટને ધ્યાનમાં રાખી ગોરમા વ્રતનો લુક પૂરો કરવા આઉટફિટ્સ આ એક્સેસરીઝ સાથે સ્ટાઈલ કરો.

## હેર એક્સેસરીઝ

ફેબ્રિક અથવા ફ્લાવર ડિઝાઇનવાળા હેડબેન્ડ અને સોફ્ટ ક્લ્ચીસ, ગજરા બાળકના ટ્રેડિશનલ લુકને આકર્ષક બનાવે છે.

## જ્વેલરી

હેવી નેકલેસને બદલે બેબી ગર્લને ફ્લાવરનાં ઘરેણાં કે લાઈટ વેટ સિલ્વર અથવા ઓક્સિડાઈઝ્ડ પાયલ અને બંગડી પહેરાવી શકાય. માંગટીકા પણ આકર્ષક લાગશે.

## ફૂટવેર

આઉટફિટ સાથે એથનિક મોજડી કે જૂતી પસંદ કરો જેથી એ સહેલાઈથી હરીફરી શકે.







## ટિપ્સ

* બાળકોની કોમળ ત્વચાને ધ્યાનમાં રાખી નેટ, કોટન, સિલ્ક કે જ્યોર્જેટ જેવા લાઇટ અને કમ્ફર્ટેબલ ફેબ્રિક પસંદ કરો.
* મોડર્ન લુક માટે બેબી પિંક, મિન્ટ ગ્રીન કે પીચ જેવા પેસ્ટલ શેડ્સ પસંદ કરી શકાય.
* રીચ પર્પલ સાથે લાઇમ ગ્રીન અથવા ટ્રેડિશનલ મસ્ટર્ડ યલો સાથે સિનેમન રેડનું કોન્ટ્રાસ્ટ કોમ્બિનેશન પણ સારું લાગે છે.
* બાંધણી અને કચ્છી સ્ટાઈલ બ્લોક પ્રિન્ટ આજકાલ ટ્રેન્ડમાં છે.
* બાળકીઓના હાથ મેંદી વિનાના તો કલ્પી જ ન શકાય. હાથમાં ટ્રેડિશનલથી માંડી જાતભાતની ડિઝાઈન કરી શકાય.